# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 15-07-2025** **Morning : 7.10 to 7.20**
**Day : TUESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **નિકિતા શાહ** વાંચે છે.

---

1. **રાજ્યમાં ચાલી રહેલા માર્ગ અને પુલના સમારકામનું જિલ્લા વહીવટી તંત્રના વડાઓએ નિરીક્ષણ કર્યું.**
2. **બોટાદના ગોધવટા ગામ કાર તણાઈ જતા ત્રણ લોકોના મોત.**
3. **રાજ્યમાં છેલ્લા 24 કલાકમાં 116 તાલુકામાં વરસાદ-આગામી 24 કલાક ભારેથી અતિભારે વરસાદની સંભાવના**
4. **અમૂલ ડેરીએ દૂધ ઉત્પાદકોને વર્ષ 2024-25માં દૂધના અંતિમ ભાવ પેટે 602 કરોડ રૂપિયા ચૂકવ્યા**
5. **હોંગકોંગ ખાતે યોજાયેલી ત્રીજી એશિયન શટલકોક ચેમ્પિયનશિપ 2025માં પાટણના વિદ્યાર્થીએ ચાર ચંદ્રક જીત્યા.**

---------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# ROAD-BRIDGE WORKS

રાજ્યના વિવિધ જિલ્લાઓમાં ચાલી રહેલા માર્ગ અને પુલના સમારકામનું જિલ્લા વહીવટી તંત્રના વડાઓએ નિરીક્ષણ કર્યું. વરસાદને કારણે નુકસાનગ્રસ્ત થયેલા રસ્તાઓ ઝડપથી પૂર્વવત થાય એ માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે માર્ગ અને મકાન વિભાગને સત્વરે કામો પૂર્ણ કરવા કડક સૂચના આપી છે.

જે અંતર્ગત મધ્ય ગુજરાતના વિવિધ જિલ્લાઓમાં ચાલી રહેલા માર્ગ સમારકામ અભિયાનની સંબંધિત જિલ્લાઓના કલેક્ટર દ્વારા મુલાકાત લઇ કામગીરીનું નિરીક્ષણ કરવામાં આવ્યું છે અને કામ ત્વરિત પૂર્ણ સૂચના આપી હતી

વડોદરા કલેક્ટર ડો. અનિલ ધામેલિયા અને ડીડીઓ મમતા હિરપરાએ ડભોઇ તાલુકામાં ચાલી રહેલા કામોનું નિરીક્ષણ કર્યું હતું.

છોટાઉદેપુર જિલ્લામાં ભારજ નદી પરનો સુખી ડેમ પુલ , મેરીયા નદી પરનો જબુગામ-ચાચક પુલ અને ઓરસંગ નદી પરના બોડેલી-મોડાસર પુલની જિલ્લા કલેક્ટર ગાર્ગી જૈને મુલાકાત લઈને પરિસ્થિતિનું નિરિક્ષણ કર્યું હતું.

જિલ્લા કલેક્ટર અજય દહિયાએ સબંધિત અધિકારીઓ સાથે હાલોલ, ગોધરા, શામળાજી હાઇવે પર ગોધરા બાયપાસ ગદુકપુર ચોકડી નજીક ક્ષતિગ્રસ્ત થયેલ રોડની મુલાકાત લઈ સમારકામની કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું.

આણંદ જિલ્લા કલેકટર દ્વારા શહેરના વિવિધ ઓવરબ્રિજની સ્થળ મુલાકાત કરી ઝીણવટભર્યું નિરીક્ષણ કર્યું હતું. નડિયાદમાં મ્યુનિસિપલ કમિશનર દ્વારા પણ નગરમાં ચાલી રહેલા કામોનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું.

જિલ્લા કલેક્ટર ડો.સૌરભ પારધીએ કામરેજ તાલુકાના ખોલવડ અને આંબોલીને જોડતા તાપી નદી પરના બ્રિજના સમારકામની કામગીરીનું નિરીક્ષણ કરી વાહનવ્યવહાર સરળ બને અને વાહનચાલકોને મુશ્કેલી ન પડે એ બાબતે જરૂરી સૂચના આપી હતી.

આ સાથે તાપી, આણંદ, સુરત, ભરૂચ , નવસારી , રાજકોટ , જામનગર , ગાંધીધામ, મોરબી , દ્વારકા , જુનાગઢ , બોટાદ , અમરેલી , અમદાવાદ , ગાંધીનગર , પાટણ, મહેસાણા , બનાસકાંઠા સહિત તમામ જિલ્લાઓમાં જિલ્લા કલેકટર અને અધિકારીઓ દ્વારા વિવિધ માર્ગો તથા બ્રિજની મુલાકાત કરી પુલની સ્થિરતા , મજબૂતાઈ અને સુરક્ષા ધોરણોની ચકાસણી કરવામાં આવી રોડ -રસ્તા મરામતની સમીક્ષા કરી જરૂરી સૂચન કર્યા હતા

---

# ALTERNATIVE ROUTE

કાંકરેજ તાલુકાના ઉણ-શિયા રસ્તા પરનો માયનોર બ્રીજ ભારે વાહનો માટે બંધ કરાયો છે.

કાંકરેજ તાલુકાના ઉણ. શિયા જતા રસ્તા પરના માઇનોર બ્રિજના પિયરમાં વરસાદને પગલે ધોવાણ જણાઈ આવતા ગઈકાલથી થી ૧૩ ઓગસ્ટ સુધી ઉણ–શિયા રસ્તા પર ભારે વાહનોની અવરજવર બંધ કરવામાં આવેલ આવી છે . યાદીમાં જણાવ્યા મુજબ ઉણ થી શિયા જવા ઉણ - વાલપુરા - માનપુર - શિયા રસ્તાનો વૈકલ્પિક રસ્તા તરીકે ઉપયોગ કરવાનો રહેશે.

---

# CIVIL RUSHIKESH PATEL

આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે કહ્યું, અમદાવાદ સિવિલ હૉસ્પિટલ, ગરીબ અને મધ્યમ વર્ગના દર્દીઓ માટે આશીર્વાદરૂપ સાબિત થઈ છે. ગઈકાલે વિવિધ પ્રકલ્પોનું લોકાર્પણ કરતા તેમણે આ મુજબ જણાવ્યું હતું.

આ લોકાર્પિત કરાયેલા પ્રકલ્પોમાં સિવિલ ટ્રૉમા સેન્ટર તથા એક હજાર **200** પથારી સહિત સિટી સ્કૅન મશીન , ઑપીડી બિલ્ડિંગ ખાતે અદ્યતન સુવિધાયુક્ત પ્રતીક્ષા ખંડ , સિવિલ નોંધણી મેજ , દવા બારી જેવા કરોડો રૂપિયાના ખર્ચે નવનિર્મિત વિવિધ પ્રકલ્પોનો સમાવેશ થાય છે. આ સાથે સિવિલ હૉસ્પિટલમાં કુલ ચાર સિટી સ્કૅન મશીન કાર્યરત્ બન્યા છે.

શ્રી પટેલે મહિલા અને બાળ રોગની એક હજાર **200** પથારી હૉસ્પિટલની સામે "ચાલો રમીએ" કિડ્ઝ ગાર્ડન બાળકો માટે ખૂલ્લું મુક્યું હતું. કાર્યક્રમ બાદ શ્રી પટેલે વિવિધ વિભાગની મુલાકાત લઈ તબીબો સાથે બેઠક પણ યોજી. તેમણે જણાવ્યું કે આ હોસ્પિટલમાં અનેક એવી સુવિધાઓ વિકસાવવામાં આવી છે જેનાથી દર્દીઓને કોઈ મુશ્કેલી ન પડે.

## (BYTE- RUSHIKESH PATEL, HEALTH MINISTER)

---

# BOTAD DEATH

બોટાદના ગોધવટા ગામ માં કાર તણાઈ જતા ત્રણ લોકોના મોત થયા છે. કારમાં કુલ **7** લોકો સવાર હતા જેમાં **4**નો બચાવ અને જયારે એક બાળક

મળી 2 લોકોના મોત થયા છે અને અન્ય એક વ્યક્તિ ગુમ થઈ છે. ત્યારે NDRF ટીમે ગુમ વ્યક્તિની શોધખોળ હાથ ધરતા મોડી રાત્રે ગુમ થયેલા વ્યક્તિનો મૃતદેહ મળી આવ્યો હતો.

---

## GUJARAT RAIN

રાજ્યમાં છેલ્લા 24 કલાકમાં 116 તાલુકામાં વરસાદ વરસ્યો છે. પાટણના સરસ્વતી તાલુકામાં પોણા ત્રણ ઇંચ વરસાદ પડ્યો છે. જ્યારે વલસાડ જિલ્લાના કપરાડા અને સુરતના ઉમરપાડામાં અઢી ઇંચ જેટલો વરસાદ નોંધાયો છે. સાબરકાંઠાના ખેડબ્રહ્મામાં બે ઇંચ વરસાદ વરસતા નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા હતા. રાજ્યના 21 તાલુકામાં એક ઇંચથી વધુ વરસાદ પડ્યો છે. આ સાથે રાજ્યમાં અત્યાર સુધી મોસમનો 49 ટકાથી વધુ વરસાદ નોંધાઈ ચૂક્યો છે.

જળાશયોની સ્થિતિ અંગે વાત કરવામાં આવે તો રાજ્યના 41 જળાશય હાઇએલર્ટ પર છે જ્યારે 22 જળાશય એલર્ટ પર છે. ભારે વરસાદને કારણે રાજ્યમાં 43 જેટલા માર્ગ બંધ કરાયા છે. અત્યાર સુધી 689 લોકોનું રેસ્ક્યુ કરવામાં આવું છે.

---

## WEATHER FORECAST

આગામી 7 દિવસ રાજ્યમાં સામાન્યથી મધ્યમ વરસાદ ચાલુ રહેશે. હવામાન વિભાગના જણાવ્યાનુસાર આગામી 24 કલાક રાજ્યમાં ભારેથી અતિભારે વરસાદની સંભાવના છે. હવામાન વિભાગના નિયામક ડૉ. એ. કે. દાસે જણાવ્યું હતું કે હાલમાં

ત્રણ સિસ્ટમ સક્રિય હોવાને કારણે રાજ્યના વિવિધ ભાગોમાં વરસાદ વરસી રહ્યો છે.

**(બાઈટ: ડૉ. એ. કે. દાસ, નિયામક )**

---

# AMUL DAIRY

અમૂલ ડેરીએ દૂધ ઉત્પાદકોને વર્ષ **2024-25**માં દૂધના અંતિમ ભાવ પેટે **602** કરોડ રૂપિયા ચૂકવ્યા છે. અમૂલ ડેરીના ચેરમેન વિપુલ પટેલ , વાઇસ ચેરમેન કાંતિભાઇ સોઢા પરમાર અને ડિરેક્ટર રાજેશ પાઠક દ્વારા અમૂલ ડેરીમાં થયેલી પ્રગતિનો ચિતાર રજૂ કરવામાં આવ્યો હતો. જેમાં અમૂલ ડેરી દ્વારા વર્ષ **2024-25** દૂધ ઉત્પાદકોને દૂધના અંતિમ ભાવ પેટે રૂ.૬૦૨ કરોડથી વધુ ચૂકવવામાં આવ્યા હોવાનું જણાવ્યું હતું.

વર્ષ **2021-22**માં અમૂલ ડેરીનું ટર્નઓવર **10** હજાર **333** કરોડનું હતું જે વધીને વર્ષ **2024-25**માં **14** હજાર **15** કરોડ પર પહોંચતા ટર્નઓવરમાં પણ **36** ટકાનો વધારો થયો છે. અમૂલ ડેરીએ **7** લાખથી વધુ દૂધ ઉત્પાદકો માટે આકસ્મિક મૃત્યુ વીમો લેવાની ઐતિહાસિક પહેલ કરી હતી. જે અંતર્ગત **86** દાવા સેટલ કરીને સભાસદને **2** કરોડ **31** લાખ રૂપિયાથી વધુની સહાય કરવામાં આવી છે.

---

# MEHSANA SLUM FREE

મહેસાણા જિલ્લાનું વડનગર રાજ્યનું  પ્રથમ ઝૂંપડપટ્ટી મુક્ત શહેર બનશે. તાજેતરમાં રાજ્ય સરકાર દ્વારા વડનગરને વૈશ્વિક સ્તરે લઈ જવા વિશેષ પ્રોજેક્ટ , અમલમાં મૂકવામાં આવ્યો છે.

આ પ્રોજેક્ટ અંતર્ગત શહેરના વિકાસ કામોમાં નડતરરૂપ **15** જેટલા ઝૂંપડપટ્ટી વિસ્તારના **300** થી પણ વધુ દબાણ દૂર કરી માર્ગોનું વિસ્તૃતિકરણ કરવામાં આવશે. જ્યાં બગીચો , પ્લેગ્રાઉન્ડ, પાથરણાં બજાર કોમ્યુનિટી હોલ સહિતની સુવિધાઓ ઉપલબ્ધ કરાશે. આ અંગે જિલ્લા કલેક્ટર એસ.કે.પ્રજાપતિએ વધુ માહિતી આપી.

## (બાઈટ : એસ.કે.પ્રજાપતિ : જિલ્લા કલેકટર )

ચોમાસા બાદ આ કામગીરી હાથ ધરવામાં આવશે જે માટે એક સમિતિની પણ રચના કરવમાં આવી છે. આ સમિતિના અધ્યક્ષ તરીકે જિલ્લા કલેકટર , તેમજ સભ્ય તરીકે પ્રાદેશિક કમિશનર નગરપાલિકાની ઝોનલ કચેરી ,ગાંધીનગર, નિવાસી અધિક કલેકટર , મહેસાણા,જિલ્લા નગર આયોજન અધિકારી , વડનગર પાલિકાના ચીફ ઓફિસરનો સમાવેશ કરવામાં આવ્યો છે.

---

# PATAN -SHUTTLECOCK

હોંગકોંગ ખાતે યોજાયેલી ત્રીજી એશિયન શટલકોક ચેમ્પિયનશિપ **2025**માં પાટણના વિદ્યાર્થીએ ચાર ચંદ્રક જીત્યા છે.

ભારતનું પ્રતિનિધિત્વ કરતા પાટણ જિલ્લાના સિધ્ધપુરની ગોકુલ ગ્લોબલ વિશ્વવિદ્યાલયના વિદ્યાર્થી સાવનસિંહ હડિયોલ તથા આસિસ્ટન્ટ સ્પોર્ટ્સ ડિરેક્ટર હિમાંશુ સોલંકીએ ચંદ્રકો જીતીને જિલ્લા સહિત રાજ્યનું ગૌરવ વધાર્યું છે. તેમણે વિવિધ સ્પર્ધામાં એક રજત તથા ત્રણ કાંસ્ય ચંદ્રક પોતાના નામે કર્યા હતા.

વિજયી ખેલાડીઓને વિશ્વવિદ્યાલયના ચેરમેન અને કેબિનેટ મંત્રી બલવંતસિંહ રાજપૂત, રજિસ્ટ્રરે અભિનંદન પાઠવ્યા છે. આ પ્રસંગે ગોકુલ ગ્લોબલ વિશ્વવિદ્યાલયના ચેરમેન બલવંતસિંહ રાજપૂતે જણાવ્યું હતું કે, "આવી સિદ્ધિઓ યુવાવર્ગમાં રમતગમત પ્રત્યે ઉત્સાહ વધારે છે અને વિદ્યાર્થીઓને આંતરરાષ્ટ્રીય મંચે આવકારવા માટે નવો માર્ગ પ્રશસ્ત કરે છે.

---

# TASMIN MIR

ગુજરાતની યુવા બેડમિન્ટન ખેલાડી તસ્મિન મિરની, વર્લ્ડ યુનિવર્સિટીઝ બેડમિન્ટન ચેમ્પિયનશિપ **2025** માટે ભારતીય મહિલા ટીમના કેપ્ટન તરીકે પસંદગી કરવામાં આવી છે.

જર્મનીના રૂહર શહેરમાં યોજાનારી આ સ્પર્ધા માટે મહિલા ટીમના કેપ્ટન તરીકે તસ્મિન મિરની પસંદગી થતાં મહેસાણા જિલ્લા સહિત ગુજરાતનું ગૌરવ વધ્યું છે

---

# PANCHMAHAL - SEEDBALL

પંચમહાલ જિલ્લાના શહેરા તાલુકામાં વૃક્ષારોપણનો અભિનવ પ્રયોગ હાથ ધરવામાં આવ્યો છે. જ્યાં પાનમ ડેમની ઉપરના વિસ્તારમાં આવેલી અરવલ્લીની ગિરિમાળાઓ પર ડ્રોન દ્વારા સીડબોલ નાખવામાં આવ્યા હતા.

કોઠા ગામના જંગલ પાસે 'એક પેડ મા કે નામ ' અંતર્ગત યોજાયેલા આ કાર્યક્રમમાં વિધાનસભાના ઉપાધ્યક્ષ અને શહેરાના ધારાસભ્ય જેઠા ભરવાડ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે જણાવ્યું કે સીડબોલ પ્રોજેક્ટ વાતાવરણને અનુકૂળ છે અને ખૂબ જ ઉપયોગી છે. આ ઉપરાંત તેમણે આ વિસ્તારમાં ઇકો ટુરિઝમની શરૂઆત માટે સરકારમાં રજૂઆત કરવા ખાતરી આપી હતી.

---